
# માહિતી ન આપીને અધિકારથી વંચિત રાખવાની રમત

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

સરકાર તરફથી મળતી માહિતી અને આંકડાઓની વિગત પૂરતી નથી આવતી તે ફરિયાદ હવે સામાન્ય થઈ ચૂકી છે અને આ વિષય પર એટલું બધું કન્ટેન્ટ સંશોધક-લેખકને મળ્યું છે કે તેઓએ આ વિષય પર પુસ્તક લખ્યું છે. આ પુસ્તકનું નામ છે : 'રેવડી યા હક' લેખિકા છે રીતિકા ખેરા. દેશની સામાજિક સુરક્ષા પર દૃષ્ટિ રાખવા માટે સૌથી મહત્ત્વનું પાસું માહિતી અને આંકડાઓ છે અને જ્યારે દેશમાં આટલી વિશાળ વસતી હોય ત્યારે તો તેના આધારે જ ઘણી નીતિ ઘડાતી હોય છે. આવાં કિસ્સામાં માહિતી અને આંકડાઓનો અભાવ હોય તો યોગ્ય નીતિ ઘડી શકાતી નથી અને જો કોઈ નીતિ પ્રજાના હિતને ધ્યાનમાં રાખીને ઘડાય તો પણ તેનો અમલ અસરકારક રીતે થતો નથી. સરકારી આંકડાઓ અને માહિતીની માયાજાળ શિક્ષિત વર્ગ પણ સમજી શકતો નથી અને તે માટે લેખિકા-સંશોધક રીતિકા ખેરાએ આ વિષયને ઉજાગર કર્યો છે અને સરકાર ક્યાં-ક્યાં પ્રજાને છેતરે છે તેનો અહીં થોડો ઘણો ખ્યાલ મળે છે.




વિકસિત દેશોમાં અને શાસકો જ્યાં યોગ્ય રીતે કામ કરવા ઈચ્છતા હોય ત્યાં પ્રદેશ, લોકો અને સ્થાનિક સ્થિતિની સૂક્ષ્મ માહિતી એકઠી કરવામાં



આવે છે. એક સમય સુધી આપણે ત્યાં આ તંત્ર સાબૂત રીતે ચાલતું રહ્યું. ડેટા એનાલિસિસ કરનારા અનેક સંશોધકો એવું કહે છે કે છેલ્લા દાયકામાં આ પ્રકારની માહિતીનો લોપ થયો છે. એટલું જ નહીં વસતી ગણતરી જેવી સ્વાભાવિક એક દાયકે થતી પ્રક્રિયા પણ આ વખતે ન થઈ શકી. પહેલાં કોરોનાનું બહાનું મળ્યું તે પછી પણ વસતી ગણતરી સમયાંતરે ટાળવામાં આવી. લેખિકા તેમનાં આંકડા મેળવવા સંબંધિત અનુભવ વિશે ટાંકતા લખે છે : 'પોતાની મર્યાદિત શહેરી જીવનથી બહાર નીકળીને 2002 દરમિયાન, અંદાજે વીસ વર્ષ પહેલાં હું સર્વેક્ષણ અર્થે ગ્રામિણ વિસ્તાર જવા લાગી. આપણા પરિવાર અને સામાજિક સુરક્ષા-નીતિ વિશે ખૂબ ઓછી ચર્ચા થાય છે અને જ્યારે પણ તે ચર્ચા થાય છે તો મહદંશે અખબારો દ્વારા મળે છે. જે દુનિયા મેં મારાં અભ્યાસ દરમિયાન જોઈ. જેનો આંકડાના આધારે આકલન કર્યું અને જેના માટે વિવિધ પ્રકારના લોકો સાથે [ગ્રામિણ-લોકો, સરકારી અધિકારી, ચૂંટાયેલા પ્રતિનિધિ, કોન્ટ્રાક્ટર]થી વાત કરીને - તે વિશે એક દૃષ્ટિ કેળવી. આ દૃષ્ટિમાં જે મારી સામે આવ્યું તે અખબારોમાં આવતાં કે અર્થશાસ્ત્રના અભ્યાસ દરમિયાન પુસ્તકોમાં વર્ણવેલી દુનિયા કરતાં સાવ વેગળું હતું. આ દુનિયાનું ચિત્ર અખબારોના પાનાં અને ટીવી ચેનલોથી લુપ્ત જોવા મળે છે. ધીરે ધીરે એમ સમજાયું કે જ્યારે આ ચિત્ર શહેરો સુધી - સમાચારના માધ્યમથી પહોંચે છે તો તેના પણ હજારો ચહેરામાંથી જૂજ આપણી સમક્ષ રજૂ થાય છે. આ પુસ્તક દેશની સામાજિક નીતિઓ વિશે છે. આ એક ઉપેક્ષિત વિષય છે. લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ - જે ઉચ્ચ શિક્ષણ માટે એક પ્રતિષ્ઠિત સંસ્થા છે - ત્યાં સામાજિક નીતિ અર્થે એક અલગ વિભાગ છે, જેમાં અંદાજે 50થી વધુ પ્રોફેસર છે. જ્યાં સુધી મને માહિતી છે ત્યાં સુધી આપણા દેશમાં કોઈ પણ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં સોશિયલ પોલિસી ડિપાર્ટમેન્ટ નથી. આ ક્ષેત્રની ઉપેક્ષાનો એક આ સંકેત છે.'

શાસકોની જવાબદારીની અનેક વાતો આ રીતે આપણા નજરમાંથી બહાર જતી રહે છે. આમજનતાની સુખાકારી માટે માત્ર પ્રત્યક્ષ દેખાય એવો વિકાસ જ નહીં, પણ કેટલીક લાંબા ગાળાની નીતિ પણ હોય છે - જેનાથી લોકો વધુ સુખાકારી ભોગવી શકે. હાલના વર્ષોમાં આપણે ત્યાં તેનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે અને લેખિકા રિતીકા ખેરા તે તરફ નિર્દેશ કરી રહ્યાં છે. આ અભ્યાસ દરમિયાન તેમની સમક્ષ એવું ઘણું આવ્યું જેનો ખ્યાલ તેમને પણ નહોતો. તેઓ એક એક કિસ્સો ટાંકતા લખે છે : 'વર્ષ 2002માં મેં પીએચ.ડી.ના અભ્યાસ માટે રાજસ્થાનના આઠ ગામોના ચારસો પરિવારોને સર્વે કર્યો. પીએચ.ડી. દુકાળ રાહતકાર્યો અને લોકવિતરણ પ્રણાલી પર હતું. સર્વે દરમિયાન બાડમેરના રણમાં એક ગામ દુકાળ રાહત કાર્ય જોવાની મને તક મળી. નજર કરી ત્યાં સુધી મને માત્ર રેતી દેખાતી હતી. એ ખુલ્લી જગ્યામાં કેટલાંક લોકો એક જગ્યાની માટી તગારામાંથી કાઢીને બીજી તરફ ઢગલો કરી રહ્યા હતા. મને જણાવવામાં આવ્યું કે તળાવના ઉંડાઈનું કામ થઈ રહ્યું છે. જોકે મને તો માત્ર એક મેદાન જ દેખાઈ રહ્યું હતું. અંગ્રેજી છાપાંઓમાં સામાન્ય રીતે દુકાળ રાહત કાર્યોની વિગત 'ડિગિંગ હોલ્ઝ એન્ડ ફિલિંગ ધેમ અપ'[મતલબ કે ખાડા ખોદવા અને પછી તેને ભરવા] મારી સ્મૃતિમાં આવી. પછી મને પ્રશ્ન થયો કે શું તેઓ યોગ્ય કામ કરી રહ્યા છે? દુકાળ રાહત કાર્ય ગ્રામિણ લોકો માટે મુશ્કેલ સમયમાં મજબૂત આધાર બને છે. પરંતુ શહેરમાં રહેનારા કૉલમિસ્ટ હંમેશા તેની ટીકા કરે છે. અને તેમના મતે આ મહેનતના પરિણામથી કોઈ કાયમી સંસાધન મળતા નથી. તેઓને લાગે છે કે સરકાર નકામી રીતે નાણાંવ્યય કરે છે. તે પછીના વર્ષ 2003માં મને ફરી તે વિસ્તારના પરિવારો સાથે મળવાની તક મળી. ફરી હું તે ગામમાં ગઈ. આ વખતે હું વરસાદની ઋતુ પછી ત્યાં પહોંચી હતી. જ્યાં અગાઉ રણ હતું, ત્યાં હું ગઈ ત્યારે ત્યાં મોટું સરોવર હતું. તેના એક કિનારે લોકો પાણી ભરી રહ્યા હતા. દૂરના એક કિનારે બકરીઓ પાણી પી રહી હતી. ક્યાંક ગામલોકો કપડાં ધોઈ રહ્યા હતા. ત્યારે મને સમજાયું કે ગત વર્ષ તે 'મેદાન'ની ઊંડાઈ અને આસપાસનો ઢોળાવ મારી શહેરી દૃષ્ટિ જોઈ નહોતી શકી, એટલે હું તળાવ ન જોઈ શકી. આ અનુભવથી હું એક મહત્ત્વનો પાઠ ભણી - પોતે રૂબરૂ જઈને જોવું એટલું જ પૂરતું નથી. 'આંખે જોયેલું'ને સાચી રીતે સમજવા-પારખવા માટે સાચી દૃષ્ટિ વિકસિત કરવું વધુ અગત્યનું છે.'

રિતીકા ખેરાએ પોતાના 'રેવડી યા હક' પુસ્તકમાં આવાં અનુભવ તો ટાંક્યા છે, સાથે સાથે આપણી સામાજિક સુરક્ષા, લોકોની સુખાકારી અને સરકારી હસ્તક્ષેપ વિશે પણ તે અંગે વિગતે વાત કરી છે. તેઓ 2021માં વસતી ગણતરી ન થઈ તે અંગે થયેલાં નુકસાનની વાત કરે છે. દેશમાં હાલમાં શહેરી અને ગ્રામિણ વસતી કેટલી છે - તેનો આંકડો આપણી પાસે નથી. આઝાદી પછી ક્યારેય આવું થયું નથી. એટલું જ નહીં 'નેશનલ સેમ્પલ સર્વે'માં દર પાંચ વર્ષે લોકોની રોજગારી અને તેમના ખર્ચ વિશેનો

**રાષ્ટ્રીય સ્તરે થનારા મોટા સર્વેક્ષણોમાં જોવા મળતી મુશ્કેલી સામાન્ય છે. જો ડેટા કે માહિતી નથી એટલે સરકાર વાસ્તવિકતા છુપાઈ શકે છે અને પોતાની જવાબદારીથી વેગળી રહે છે**

આધારભૂત ડેટા સર્વેમાં એકઠો કરે છે. 2011-12 પછી 2017નો ડેટા એ માટે રદ કરી દેવામાં આવ્યો - કારણ કે તે ગાળા દરમિયાન આર્થિક સુધારમાં વધુ કોઈ બદલાવ આવ્યો નથી. આખરે, 2024માં 2022નો ડેટા જાહેર કરવામાં આવ્યો. એટલે કે દસ વર્ષનો કોઈ પણ આધારભૂત ડેટા આપણી પાસે નથી. એ રીતે 'નેશનલ ફેમિલિ હેલ્થ સર્વે-3' થયો. આ સર્વે 2005માં થયો હતો અને આ બીજો સર્વે 2015-16માં થયો. એ રીતે જોવા જઈએ તો તેમાં દસ વર્ષ વીતી ગયા. ખરેખર આ સર્વે થાય છે તેનું અંતર પાંચ વર્ષનું છે. આ તો માત્ર બે ઉદાહરણ છે. રાષ્ટ્રીય સ્તરે થનારા મોટા સર્વેક્ષણોમાં જોવા મળતી મુશ્કેલી સામાન્ય છે. જો ડેટા કે માહિતી નથી એટલે સરકાર વાસ્તવિકતા છુપાઈ શકે છે અને પોતાની જવાબદારીથી વેગળી રહે છે. એવાં કેટલાંક ઉદાહરણ જોઈએ. જેમ કે, ઓગસ્ટ -2021માં રાજ્યસભામાં કેન્દ્ર સરકારે જણાવ્યું કે ઑક્સિજનની કમી હોવાના કારણે કોઈ રાજ્યમાં મૃત્યુ થયું નથી. જુલાઈ 2021માં મંત્રીએ જવાબ આપ્યો હતો કે મેનુઅલ સ્કેવેજિંગ[મેલું ઉપાડવું]થી દેશમાં પાંચલા પાંચ વર્ષમાં કોઈ મૃત્યુની નોંધણી થઈ નથી. રાજ્ય ગૃહમંત્રી અને કૃષિમંત્રીએ કહ્યું કે ખેડૂત આંદોલનમાં કેટલાં લોકો મૃત્યુ પામ્યા છે - તેની માહિતી અમારી પાસે નથી. આ પ્રકારની માહિતી ન આપવાથી તે સંબંધિત સ્થિતિ સુધરવાના બદલે બગડી રહી છે. માહિતી અધિકાર અંતર્ગત સરકારે ઘણી બધી માહિતી કોઈ માંગે કે ન માંગે પોતાની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવી જરૂરી છે. પરંતુ આજે પણ અનેક મહત્ત્વની સાઈટ પર પૂરતી માહિતી નથી. 'રેવડી યા હક' પુસ્તક આ બધી બાબતો પર પ્રકાશ પાડે છે. રેવડીનો અર્થ વિનામૂલ્યે લોકોને સહાય પૂરી પાડવાનો છે. 'આપ' અને 'ભાજપ' વચ્ચે આ શબ્દને લઈને ઘણી ચૂંટણીઓમાં તૂ-તૂ-મૈં-મૈં થઈ છે. મૂળે વાત આપણા અધિકાર જાણવાની છે, અને જો તે ન જાણીએ તો આપણે ક્યારેય ખરેખર આઝાદ કહેવડાવીશું નહીં.



# ભ્રષ્ટ જો ખોજન મૈં ચલા

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ

દેશના થોડા ઘણા મોટા લોકો કે નેતાઓ કે વેપારીઓ આજકાલ જેલમાં છે. મોટા ફ્લેટમાં રહેનાર રિસ્પેક્ટેડ માણસ, સોના-ચાંદી અને વિદેશી કરન્સીનો મહાખેલાડી આજકાલ જેલના સળિયા પાછળ છે અથવા બીમાર પડવાનું નાટક કરીને સરકારી હોસ્પિટલના ખાટલા પર સૂતા-સૂતા આવતી જતી નર્સને તાક્યા કરે છે. એમાંના થોડાક લોકો બહાર છે. જો કે મારા હિસાબે બહાર વધારે છે, અંદર થોડા જ છે. આમ જ ચાલશે તો અંદર છે એ પણ ધીમે-ધીમે બહાર આવી જશે.

જેલની છત પરથી એ મોટા કેદીઓના માથા પર સવાલ લટકી રહ્યા છે- 'કે ભવિષ્ય શું હશે? એમના ભવિષ્યનું ભવિષ્યમાં શું થશે? સ્મગલીંગની સોનાની દોર જેલમાંથી છૂટ્યા પછી ફરીથી જોડાશે કે નહીં? સરકાર શું પૂછશે? એમનો બચાવ શું હશે? બચાવ માટે કેટલી લાંચ આપવી પડશે? એમની બધી મિલકત જપ્ત થશે કે થોડી ઘણી બચી જશે? સરકારી જેલની અપૂરતી સગવડમાં સૂતા-સૂતા, એ લોકો ફાઈવ સ્ટાર હોટેલની સુખસગવડોને યાદ કરતા કરતા વિચારે છે. એમના જ્યોતિષોને યાદ કરી રહ્યા છે જેમણે કહ્યું હતું કે વચમાં રાહુ થોડો કષ્ટ આપશે, મંગળ નબળો હોવાને લીધે પૈસાની આવક રોકાશે, પણ એની વાત ગંભીરતાથી લીધી ન હતી. એમને પેલી કોલગર્લ યાદ આવતી હશે જે એમના એક ફોન પર સેવા કરવા આવી જતી હતી. પેલા બધા સરકારી ઓફિસરો યાદ આવતા હશે જે લોકો એમની પાસેથી ભેટ-સોગાદો, લાંચ વગેરે લેતા હતા, પાર્ટીઓની મજા લેતા હતા. એ બધાં સગાંસંબંધીઓ યાદ આવતા હશે જેમના નામ પર જુદી જુદી મિલકત ખરીદી હોટલો ને પેટ્રોલ પંપો ચલાવતા હતા. આવા નેતા લોકો બિચારા જેલમાં રાત કેવી રીતે વિતાવતા હશે? આમ તો આ બધી મોહમાયા જ છે ને! માણસ જેલમાં જાય એટલે સાલું બધું ખતમ થઈ જાય, ફાઈવસ્ટાર હોટલથી લઈ સ્મગલિંગની સ્ટીમર કે કોલગર્લ સુધી, બધું જ ખતમ!'

પ્રશ્ન એ છે કે શું સરકાર આ નેતાઓ કે વેપારીઓ અને સ્મગલરોને એ સરકારી ઓફિસરના નામ પૂછશે જે એમની મદદ કરતા હતા? સવાલ એ છે કે શું સરકાર એ મંત્રીઓ અને નેતાઓના નામ પણ શોધશે જે આ સ્મગલરો પાસે પૈસા લઈ ચૂંટણી લડતા હતા, રાજનીતિ કરતા હતા, સરકાર બનાવતા અને બદલતા હતા? એ પોલીસ ઓફિસર, ચોકીદાર જે વિદેશી સ્મગલ કરેલ માલની બોટ કિનારે આવે તે સમયે ત્યાંથી દૂર ખસી જતા? એ કસ્ટમ ઓફિસરો જે એમના ચહેરા પર મંદ હાસ્ય સાથે અડધી બીડેલી આંખો વડે પસાર થતા સ્મગલરોને જોતા રહેતા અને જહાજ પર ભારતીય અનાજ ભરાતું, વિદેશી સોનું ઉતારાતું અને એ લોકો બીચ પરની હોટલમાં કોકોકોલા પીતા રહેતાં! શું નૈનમલ, ચંપાલાલ કે મગનલાલ જેવા ધનપતિઓ દેશની આ વાસ્તવિકતા પર પ્રકાશ પાડશે કે અત્યાર સુધી કેટલા નેતાઓને કેટલા પૈસા આપી ચૂક્યા છે? એ લોકો પાસેથી સાચું કેવી રીતે જાણવા મળશે? જો એ લોકો બધું સાચું છુપાવે તો શું થશે? અને જો જાહેર કરી દેશે તો શું થશે?

શું છે કે ભષ્ટાચાર એક મોટું વૃક્ષ છે. એની ઘણી બધી શાખાઓ છે, એના મૂળ ઊંડે સુધી ફેલાયેલા છે! શું આ બધું પરસ્પર જોડાયેલું નહીં હોય? આ વૃક્ષને બચાવવા માટે રાજકારણનો પડદો લાગ્યો છે. માત્ર સત્તાધારી પક્ષ જ નહીં, અન્ય પક્ષો પણ ભ્રષ્ટાચારના આર્થિક ઝેરી વૃક્ષનું રક્ષણ કરી રહ્યા છે અને એના કારણે સત્તા મેળવી રહ્યા છે. ભ્રષ્ટાચાર, લોકશાહીના મૂળિયાને સીંચી રહ્યો છે. આપણા વોટ મેળવેલો નેતા કોઈ સંગ્રહખોર અથવા સ્મગલરનું નમક ખાય છે, એની જ દલાલી કરે છે અને એની જ પીપૂડી વગાડે છે! એક-બે નહીં, પણ ગણ્યા ગણાય નહીં એટલાં બધાં ગેરકાયદેસર કામો છે અને દરેક ગેરકાયદેસર કામ પછી શાસક પક્ષ માટે એ નૈતિક રીતે પડકારરૂપ પ્રશ્ન બની જાય છે કે એવા નેતાને સ્વીકારવો કે નહીં?

સવાલ એ છે કે સ્મગલરોનું બયાન શું હશે અને એમાંથી જેતે વ્યક્તિ વિષે માહિતી મળી એના તરફ આપણા સમાજનું વલણ કેવું હશે? સરકારે ભ્રષ્ટાચારના વૃક્ષની એક ડાળીને પકડી પાડી છે, તો શું બીજી ડાળીઓને પણ પકડી શકશે? શું સરકાર મૂળિયા સુધી પહોંચશે? કુદરતનો નિયમ છે કે ઝાડની એક કે બે ડાળીઓ કાપવાથી ઝાડનું કદ ઓછું નથી થતું, ઊલ્ટાનું એ વધે છે. મુંબઈનો દરિયાકિનારો ખતરનાક હોવાથી સ્મગલર હવે ગુજરાત અને ચેન્નઈ તરફથી આવવાનો પ્રયાસ કરશે. એક દરવાજો બંધ થશે તો બીજા બે ખૂલી જશે. શાખાઓ વધશે. સ્મગલરની નવી પેઢી નીકળીને આવશે. ક્યારે કઈ કુલીની સૂતેલી મહત્ત્વાકાંક્ષા નવા મોટા સ્મગલર બનવાની દિશામાં એને લઈ જાય, કંઈ કહેવાય નહીં. આ દેશની કાળી માટી બહુ ફળદ્રુપ છે. કાળાં કર્મો માટે શસ્ય શ્યામલા ધરતીમાંથી કેટલી શ્યામલ ઉર્ફ કાળી હરકતો પેદા થાય છે, એ તો બધાં જાણે છે!

**શું છે કે ભષ્ટાચાર એક મોટું વૃક્ષ છે. એની ઘણી બધી શાખાઓ છે, એના મૂળ ઊંડે સુધી ફેલાયેલા છે! શું આ બધું પરસ્પર જોડાયેલું નહીં હોય? આ વૃક્ષને બચાવવા માટે રાજકારણનો પડદો લાગ્યો છે**

આ સવાલ છે. તો, સવાલ એ છે કે આ બધું થયા પછી શું થશે? હકીકતમાં પરિસ્થિતિ એવી છે કે 'ભ્રષ્ટ જો ખોજન મૈં ચલા, ભ્રષ્ટ મિલા ના કોઈ, જો ઘર ખોજા અપના મુજ સા ભ્રષ્ટ ન કોઈ!' તો શું જે સત્તામાં છે એ પક્ષ અને બીજા રાજકીય પક્ષો પોતાના ઘરનો કચરો જાતે શોધશે કે બીજા મારફતે શોધાવાનું પસંદ કરશે? આ એક મિલિયન ડોલરનો પ્રશ્ન દેશની સામે છે અને એવામાં ભવિષ્યનું સુંદર ચિત્ર તો એ હશે કે આમાં સરકાર કેવી રીતે પોતાનો હાથ છટકાવીને બચી શકે છે!

# ભારતીયોને પીચથી 2.5 મીટર દૂર ઊભા રહેવાની તાકીદ કરનાર ઓવલના ક્યુરેટર ઇંગ્લેન્ડના ખેલાડીઓ સામે કેમ ચૂપ?




ખેલખેલમેં

ઓવલ ટેસ્ટ માટે ભારતની તૈયારીઓ સમયે મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને સરે કાઉન્ટીના મુખ્ય ગ્રાઉન્ડ્સમેન લી ફોર્ટિસ વચ્ચે ઉગ્ર દલીલ થઈ તેની સાથે આ સીરિઝમાં બંને ટીમ વચ્ચેનું જે ગરમ વાતાવરણ હતું તેમાં વધારો થયો છે. ફોર્ટિસે ભારતીયોને મુખ્ય પીચથી 2.5 મીટર દૂર રહેવાનું કહ્યું હતું અને તેની સામે ગૌતમ ગંભીરે કહ્યું હતું કે અમારે શું કરવું તે તમારે કહેવાની જરૂર નથી, તમે માત્ર એક ગ્રાઉન્ડ્સમેન છો. જો કે ભારતીયોને 2.5 મીટર દૂર રહેવાનું કહેનારા ફોર્ટિસ ઈંગ્લેન્ડના કોચ બ્રેન્ડન મેકુલમ સાથે પીચ પર ઊભા રહીને વાત કરે તેમાં કોઈ વાંધો નથી કે પછી ઓવલ ટેસ્ટની આગલી સાંજે ઈંગ્લેન્ડના બે ખેલાડી પીચ પર ઊભા રહીને શેડો બેટિંગ કરે તેની સામે પણ વાંધો નથી તેમને માત્ર ભારતીયો વિકેટની નજીક પહોંચે તેની સામે જ વાંધો હતો. આમ તો ફોર્ટિસે તેમની મીડિયા વાતચીતમાં સ્પષ્ટપણે કંઈ કહ્યું ન હતું, પણ તેમનો ઈશારો એવો હતો કે તેઓ મુખ્ય પીચના મોટા ભાગ પર ભારતીય ટીમની પ્રેક્ટિસથી નારાજ હતા. વિશ્વભરના ગ્રાઉન્ડ્સમેન મુખ્ય પીચ અંગે ખૂબ જ સાવધ રહે છે જેથી મેચ માટે સપાટી સંપૂર્ણ સ્થિતિમાં રહે. માન્ચેસ્ટરમાં ચોથી ટેસ્ટ ડ્રો કર્યા પછી ભારત લંડન પહોંચ્યું અને મંગળવારે ટીમે વૈકલ્પિક પ્રેક્ટિસ સત્ર રાખ્યું. સામાન્ય રીતે સપોર્ટ સ્ટાફ ખેલાડીઓ પહેલાં પહોંચે છે, અને આ વખતે પણ ગંભીર કોચિંગ સ્ટાફ સાથે વહેલા પહોંચી ગયો હતો. એવું માનવામાં આવે છે કે ફોર્ટિસને તે ગમ્યું ન હતું.

એ ઉલ્લેખનીય છે કે આ સીરિઝે ટેસ્ટ ક્રિકેટમાં પણ નવો પ્રાણ ફૂંક્યો છે. ખીચોખીચ ભરેલા સ્ટેડિયમમાં રમાયેલી આ સીરિઝ ટેસ્ટ ક્રિકેટ માટે એક સંપૂર્ણ ધ્યાનાકર્ષક રહી છે, જેમાં ચારેય મેચ પાંચમા દિવસના અંતિમ સત્ર સુધી ચાલી હતી. આ દરમિયાન, બંને ટીમોના ખેલાડીઓ વચ્ચે કેટલીક વાર ઝઘડા થયા હતા જેના કારણે સીરિઝ વધુ રસપ્રદ બની હતી. શુભમન ગિલનો લોર્ડ્સમાં જાણી જોઈને સમય બગાડનારા જેક ક્રાઉલી સામેનો આક્રમક અણગમો હોય કે ચોથી ટેસ્ટના અંતિમ દિવસે બેન સ્ટોક્સની નારાજગી છતાં રવિન્દ્ર જાડેજાનો ડ્રો માટેનો ઈનકાર, બંને ટીમોએ એકબીજા પર પ્રભુત્વ મેળવવામાં કોઈ કસર છોડી નથી. ઓવલમાં પણ કંઈક આવું જ જોવા મળે છે જ્યાં હવામાન પણ ગરમ હોય છે. ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે પણ ઓવલ ક્યુરેટર લી ફોર્ટિસ સાથે દલીલ સાથે વાતાવરણ વધુ ગરમ બન્યું છે.

મંગળવારે ભારતના પ્રેક્ટિસ સત્ર દરમિયાન, ગંભીરની લી ફોર્ટિસ સાથે પ્રેક્ટિસ સુવિધાઓ અંગે ઉગ્ર બોલાચાલી થયા પછીના બીજા દિવસે બુધવારે પણ ક્યુરેટર ગૌતમ ગંભીર , શુભમન ગીલ અને સીતાંશુ કોટક ત્રણેયનો સંપર્ક કરીને તેઓને પીચથી દૂર જવા કહ્યું હતું. એક X યૂઝર દ્વારા શેર કરાયેલા વીડિયોમાં ક્યુરેટર ફોર્ટિસ ભારતીય ત્રિપુટીને પીચથી દૂર જવાનો સંકેત કરતાં જોવા મળે છે અને ગંભીરે તેની તરફ જોયા વગર ત્યાંથી ખસીને આગળ ચાલ્યો જાય છે. આ સાથે જ લી ફોર્ટિસ અને ઈંગ્લેન્ડના કોચ બ્રેન્ડન મેકુલમનો એક ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ બન્યો હતો. આ ફોટો 2023ની એશિઝ સીરિઝની ટેસ્ટના 48 કલાક પહેલાનો હતો, જેમાં ફોર્ટિસ અને મેકુલમ પીચ પર ઊભા રહીને વાત કરતાં જોવા મળતા હતા. અહીં સવાલ એ છે કે જો ઈંગ્લેન્ડના કેપ્ટન સાથે પીચ પર ઊભા રહીને વાત કરવામાં આવે તો પછી ભારતીય કોચ પીચ જોવા માટે નજીક જાય ત્યારે તેને 2.5 મીટર દૂર રહો એવું કેમ કહેવામાં આવે છે. શું નિયમો માત્ર ટીમ ઈન્ડિયાને જ લાગુ પડે છે.

આ સંબંધે ભારતના સહાયક કોચ સિતાંશુ કોટકે કહ્યું હતું કે જ્યારે અમે સ્પાઈક્સ પહેર્યા ન હોવા છતાં પિચથી ચોક્કસ અંતરે રહેવાનું કહેવામાં આવ્યું ત્યારે અમને થોડું અજીબ લાગ્યું હતું. જ્યારે અમારામાંથી કેટલાક કોચ પિચ જોવા ગયા, ત્યારે ગ્રાઉન્ડ સ્ટાફે અમને 2.5 મીટર દૂર રહેવાનું કહ્યું. આ થોડું વિચિત્ર લાગ્યું. કારણ કે આ એ જ પિચ છે જ્યાં પરમ દિવસે ટેસ્ટ મેચ છે, જે પાંચ દિવસ સુધી ચાલશે, અને અમે જોગર્સ પહેરીને ઉભા હતા. અમે ફક્ત વિકેટ જોઈ રહ્યા હતા, અમારી પાસે રબરના સ્પાઈક્સ હતા, અને પરમ દિવસે ટેસ્ટ મેચ છે. આમાં કંઈ ખોટું નથી.



**ફોર્ટિસ ઇંગ્લેન્ડના કોચ બ્રેન્ડન મેકુલમ સાથે પીચ પર ઊભા રહીને વાત કરે તેમાં કે પછી ઇંગ્લેન્ડના બે ખેલાડી પીચ પર ઊભા રહીને શેડો બેટિંગ કરે તેની સામે વાંધો નથી તેમને માત્ર ભારતીયો સામે જ વાંધો હતો**

ક્યુરેટરે એ પણ સમજવું જોઈએ કે તે જે લોકો સાથે વાત કરી રહ્યા છે તેઓ ખૂબ જ કુશળ અને બુદ્ધિશાળી લોકો છે. અમે તે ચોક પર રબરના સ્પાઈક્સ પહેરીને ઉભા હતા. તમે મને કહો, કાલે એક બેટ્સમેન રનઆઉટથી બચવા માટે સ્લાઈડ કરશે, બોલર બોલને રોકવા માટે ડાઈવ કરશે. તો શું આપણે ઘાસ ઉગાડવા માટે છીએ? મને ખબર નથી. તેઓએ કહ્યું કે અમે આગલી પીચ પર ઘાસ ઉગાડવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, પરંતુ મને ખબર નથી કે એક દિવસમાં કેટલું ઘાસ ઉગી શકે છે અને આગામી પાંચ દિવસમાં શું થશે. અમે સમજીએ છીએ તમે મેદાન સારું રાખવા માંગો છો પરંતુ તેના માટે સાવ આવી દલીલ ન કરવાની હોય.